आनंदालय

અર્ધવાર્ષિક મૂલ્યાંકન કસોટી

ધોરણ – ૮

विद्या सवर्थि साधिका

વિષય : ગુજરાતી | કુલ ગુણ : ૨૦

તા : ૧૭.૦૯.૨૦૨૨ | સમય : ૧ કલાક

નામ ______________________ ધોરણ: __________ ક્રમાંક : __________

પ્ર . ૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો .

૧ વધુમાં વધુ જમીન મેળવવા ખેડૂતે શું કર્યું ? (૨)

| |
|---|
| |
| |
| |
| |
| |
| |

૨ મીનળદેવીએ શા માટે અન્ન – જળનો ત્યાગ કર્યો ? (૨)

| |
|---|
| |
| |
| |
| |
| |

**પ્ર . ૨ નિર્દેશ પ્રમાણે લખો**

અ સમાનાર્થી શબ્દ આપો . (૪)

| | | |
|---|---|---|
| ૧ | ખેડૂત | |
| ૨ | વ્યથા | |
| 3 | પંડ | |
| ૪ | રળિયામણું | |

બ વિરોધાર્થી શબ્દ આપો (૪)

| | | |
|---|---|---|
| ૧ | અસ્ત | |
| ૨ | બચત | |
| ૩ | દયાળી | |
| ૪ | ખંડિત | |

પ્ર . ૩ અ . ખાલી જગ્યા પૂરો . (૨)

૧ કર્ણદેવના મૃત્યુ પછી ____________ એ શાશન સંભાળ્યું .

૨ બચત કરી ____________ કરેલું ખરા સમયે આફતમાંથી ઉગારે છે .

બ . નીચેના વાક્યો ખરા છે કે ખોટા તે જણાવો . (૨)

૧ ખેડૂતની નજર સતત સૂર્ય તરફ હતી . [ ]

૨ બાળકના દુ:ખ માટે માતા કટુ ખાય છે . [ ]

પ્ર . ૪ નીચે આપેલ વાર્તાને આધારે પ્રશ્નોનાં જવાબ આપો (૪)

કોઈ એક રાજ્યમાં એક રાજા રાજ કરતો હતો. તેની નાની દીકરી રોજ રાત્રે તેના ઓરડાની બારી ખોલીને આકાશમાં ચમકતા ચાંદને જોતી હતી . એક દિવસ તેણે રાજાને કહ્યું કે , “ મારે ચાંદ જોઈએ છે . મને ચાંદ લઈ આપો. મારે તેની સાથે રમવું છે.

રાજકુમારીની વાત સાંભળીને રાજાને નવાઈ લાગી અને રાજકુમારીને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા .પરંતુ રાજકુમારીએ ચાંદ મેળવવાની જીદ પકડી . ચાંદ ન મળવાથી તેણે ખોરાકનો ત્યાગ કર્યો . આખી રાત બારીમાંથી તે ચાંદ સામે જ જોયા કરતી . આ કારણે ધીમે ધીમે રાજકુમારીની તબિયત ખરાબ થવા લાગી અને તે ખૂબ બીમાર થઈ ગઈ.

રાજકુમારીની આ સ્થિતિ રાજાથી ન જોવાઈ અને તેમણે તેમના મંત્રીઓ અને દરબારીઓને રાજકુમારી માટે ચાંદ લાવવાનો આદેશ આપ્યો. આ સાંભળી મંત્રીઓ અને દરબારીઓ અચરજમાં પડી ગયા. તેમણે રાજાને કહ્યું , “ મહારાજ આપ જાણો છો કે ચાંદ લાવવો અશક્ય છે તો અમે રાજકુમારી માટે ચાંદ કેવી રીતે લાવી શકીએ ?” આ વાત સાંભળીને રાજાએ રાજયમાં ઢંઢેરો પીટાવ્યો કે રાજકુમારી માટે જે પણ ચાંદ લાવશે તેણે ખૂબ ધન

ઈનામમાં આપવામાં આવશે .

એક વેપારીને આ જાહેરાત વિશે ખબર પડી તેનાથી રાજાનું દુ:ખ જોવાયું નહિ . તે રાજા પાસે પહોચ્યો અને બોલ્યો , " મહારાજ હું રાજકુમારીને ચાંદ લાવી આપીશ પણ પહેલા મારે જાણવું પડશે કે રાજકુમારીને કેટલો મોટો ચાંદ જોઈએ છે . મારે તેણે મળવું પડશે . રાજા વેપારીને રાજકુમારી પાસે લઈ જાય છે . વેપારી રાજકુમારીને પૂછે છે , " ચાંદ કેટલો મોટો છે? " વેપારીના સવાલનો જવાબ આપતા રાજકુમારી કહે છે , " ચાંદ તેણે અંગૂઠા જેટલો છે ." ત્યાર બાદ વેપારી પૂછે છે , "ચાંદ કેટલો ઊંચો છે ? " વેપારીના સવાલનો જવાબ આપતા રાજકુમારી કહે છે , " ચાંદ ઝાડ જેટલો ઊંચો અને ચાંદી જેવો ચમકતો છે ."

રાજકુમારીની આ વાત સાંભળીને વેપારી હસતાં હસતાં ઊભો થાય છે અને રાજકુમારીને કહે છે આવતી કાલે સવારે હું ઝાડ પર ચડીને ચાંદ તોડી લાવીશ . આટલું કહીને વેપારી રાજા પાસે જાય છે . પોતાની યોજના રાજાને જણાવે છે . રાજાને યોજના પસંદ આવે છે. બીજા દિવસે વેપારી ચાંદીનો એક નાનો ચાંદ બનાવીને રાજકુમારી માટે લઈ આવે છે. રાજકુમારી તે ચાંદીના ચાંદને જોઈને ખૂબ ખુશ થાય છે અને તેની સાથે રમવા લાગે છે .

રાજકુમારીને પ્રસન્ન જોઈને રાજા ખુશ થાય છે પણ તેણે હવે એ વાતની ચિંતા સતાવે છે કે રાજકુમારી રાત્રે આકાશમાં ચાંદ જોશે તો તેને સમજાઈ જશે કે આ અસલી ચાંદ નથી. રાજાની આ ચિંતા દૂર કરવા વેપારી રાજકુમારી પાસે જાય છે અને પૂછે છે કે , " કોઈનો દાંત તૂટી જાય તો શું થાય ?" રાજકુમારી કહે છે કે , " તેને નવો દાંત આવે " વેપારી રાજકુમારી ફરી પૂછે છે કે, " જ્યારે કોઈ ચાંદ તોડી લાવે તો શું થાય છે? ," રાજકુમારી કહે છે કે, "ત્યાં બીજો ચાંદ ઊગી આવે " રાજા આ સાંભળીને ખુશ થાય છે તેને મોટા લાગતા પ્રશ્નોનો વેપારીએ સરળતાથી ઉકેલ આણ્યો .તે વેપારીને ઈનામ આપે છે .તેનો આભાર માને છે .

૧ રાજકુમારી રોજ રાત્રે બારીમાંથી શું જોતી હતી ?

| |
|---|
| |
| |
| |

૨ મંત્રીઓ અને દરબારીઓ શા માટે અચરજમાં પડી ગયા?

| |
|---|
| |
| |
| |

૩ વેપારીએ પોતાની યોજના પ્રમાણે રાજકુમારીને કેવો ચાંદ આપ્યો ?

| |
|---|
| |
| |
| |

૪ આ વાર્તા તમને શો બોધપાઠ આપે છે ?

| |
|---|
| |
| |
| |